# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-01-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ દાવોસમાં યોજાયેલી વર્લ્ડ ઇકોનૉમિક ફૉરમમાં વિદેશી કંપનીઓના અગ્રણીઓ સાથે મુલાકાત કરી
2. નાયબ મુખ્યમંત્રીએ કહ્યું WEFમાં A.I. અદ્યતન ક્ષમતાને વિશ્વસ્તરીય નવીનતા દ્વારા આકાર પામેલા ભવિષ્ય પર સહિયારું ધ્યાન અપાયું
3. આવકવેરા વિભાગે અમદાવાદમાં એકસાથે 33-થી વધુ સ્થળ પર દરોડા પાડ્યા
4. રાજ્યમાં આગામી 7 દિવસ ઠંડીનું જોર યથાવત્ રહેવાની આગાહી
5. વડોદરામાં WPL ક્રિકેટમાં આજે દિલ્હી કૅપિટલ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## HARSH SANGHAVI WEF

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્લ્ડ ઇકોનોમિક ફોરમ – WEFમાં ભાગ લેવા હાલ સ્વિત્ઝર્લૅન્ડના દાવોસના પ્રવાસે છે. જ્યાં તેમણે ઇન્ડિયા પેવેલિયનના ઉદ્ઘાટન સમયે, વિશ્વ પોતાની સાંસ્કૃતિક વિવિધતા અને સુંદરતા સાથે જીવંત ભારતની આભા જોઈ રહ્યું હોવાનું જણાવ્યું.

'વિકસિત ભારત 2047' ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવાનો અને ગુજરાતના વિકાસનું આયોજન આ સંકલ્પ સાથે કેવી રીતે સુસંગત છે તે દર્શાવવાનો ગર્વ હોવાનું શ્રી સંઘવીએ ઉમેર્યું.

ઉપરાંત તેમણે વિદેશી કંપની કૉગ્નિઝન્ટના વૈશ્વિક મુખ્ય નાણાકીય અધિકારી જતીન દલાલ સાથે મુલાકાત કરી. આ અંગે સોશિયલ મીડિયા પર માહિતી આપતા શ્રી સંઘવીએ કહ્યું, ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે કૉગ્નિઝન્ટનું ટેકફિન સૅન્ટર વૈશ્વિક ગ્રાહકોને અદ્યતન ટેક્નોલૉજી નિરાકરણ પહોંચાડવા એક વ્યૂહાત્મક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

**(BYTE- HARSH SANGHAVI, WEF)**

ઉપરાંત શ્રી સંઘવીએ કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. સક્ષમતા અને હાઈટૅક પરિવર્તનના આગામી તબક્કા માટેના માર્ગ શોધવા ઑપન-A.I.ના ક્રિસ લેહ્ન સાથે મુલાકાત કરી હતી. આ અંગે તેમણે કહ્યું, ચર્ચામાં જવાબદાર A.I., અદ્યતન ક્ષમતા અને વિશ્વસ્તરીય નવીનતા દ્વારા આકાર પામેલા ભવિષ્ય પર સહિયારું ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

----------

## RAJYAPAL SOMNATH UNIVERSITY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું, સમગ્ર વિશ્વ જ્યારે ભોગવાદ અને ભોગ માટે ઉપલબ્ધ વસ્તુઓના સંશોધનમાં વ્યસ્ત છે, ત્યારે ભારતીય આધ્યાત્મ અને જ્ઞાને આત્મા તથા તેના દ્વારા ઇશ્વરની પ્રાપ્તિનો માર્ગ વર્ષો પહેલા બતાવ્યો હતો.

ગીર સોમનાથમાં વેરાવળની શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના 18-મા પદવીદાન સમારોહને સંબોધતા કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ વાત કહી. તેમણે ગત 20 વર્ષથી ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત અને સંસ્કારોનું સિંચન કરનારા આ વિશ્વ-વિદ્યાલયના વખાણ પણ કર્યા હતા.

**(BYTE: ACHARYA DEVVRAT, GOVERNOR)**

ઉલ્લેખનીય છે કે, આ પ્રસંગે 25 સુવર્ણ અને છ રજત ચંદ્રક સહિત 902 વિદ્યાર્થીઓને પદવી અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

----------

## IT RAID IN AMDAVAD

આવકવેરા વિભાગની વિવિધ ટુકડીએ આજે અમદાવાદમાં એકસાથે 33-થી વધુ સ્થળ પર દરોડા પાડ્યા. શહેરના જાણિતા બિલ્ડર્સ અને

તેમના અન્ય ભાગીદારોને ત્યાં આવકવેરા વિભાગના અધિકારીઓએ દસ્તાવેજોની ચકાસણી કરી હતી.

વિભાગ દ્વારા છેલ્લા કેટલાક સમયના ડિજિટલ વ્યવહાર, બેંન્ક સ્ટેટમેન્ટ્સ અને જમીન-મકાનના સોદાના દસ્તાવેજો કબજે કરાયા છે. ઉપરાંત લેપટોપ અને મોબાઈલ ફોન જેવા ઉપકરણમાંથી પણ ડેટા મેળવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે, તેમ અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે..

----------

## Cyber Crime -Jamnagar

જામનગરમાં સોલાર પેનલના નામે લાખો રૂપિયાની છેતરપિંડી કરનારા પાંચ જેટલા આરોપી પકડાયા છે. તેમણે સોશિયલ મીડિયા પર જાહેરાત આપી લોકો સાથે છેતરપિંડી કરી હોવાનું જણાવ્યું છે. આ અંગે જામનગરના નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાએ વધુ માહિતી આપી. ...

**(BYTE- JAYVEERSINH ZALA, DYSP, JAMNAGAR )**

----------

## GHATLODIA SCHOOL BABAL

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં ખાનગી શાળાની બહાર કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલા હુમલામાં ત્રણ વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયા હતા. આ અંગે અમદાવાદ ઝોન-એકના DCP હર્ષદ પટેલે કહ્યું, આ મામલે આઠ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરાશે. જ્યારે ઇજાગ્રસ્ત વિદ્યાર્થીઓની હાલત સ્થિર હોવાનું જણાયું છે.

**(BYTE: HARSHAD PATEL, DCP ZONE 1)**

----------

# PM KISAN YOJANA

પ્રધાનમંત્રી કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતોએ 22-મો હપ્તો મેળવવા માટે ફાર્મર નોંધણી કરાવવી જરૂરી છે. રાજ્યના બાકી હોય તેવા ખેડૂતોને નોંધણી કરાવવા ખેતી નિયામકની કચેરી દ્વારા અનુરોધ કરાયો છે. આ નોંધણી થકી તમામ ખેડૂતને આધાર ઓળખપત્ર - I.D. ની જેમ 11 અંકનો યુનિક ફાર્મર I.D. અપાય છે.

ખેડૂતો ફાર્મર રજિસ્ટ્રેશન જેતે ગામના ગામડાના કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક – VCE કે ગ્રામ્ય સ્તરના ઉદ્યોગસાહસિક – VLE સંચાલક અથવા જનસેવા કેન્દ્ર મારફતે કરાવી શકાય છે. ઉપરાંત ખેડૂતો જાતે મૉબાઈલ મારફતે GJFR.AGRISTACK.GOV.IN લિન્ક દ્વારા નોંધણી કરી શકે છે.

----------

## REV AMDAVAD DEMOLITION

અમદાવાદ મહાનગરપાલિકાએ પોલીસ સાથે મળીને આજે વટવાના વાંદરવટ તળાવ પરના દબાણ દૂર કર્યા છે. તેના કારણે 34 હજાર 883 ચોરસ મીટર તળાવ, આરક્ષિત જમીનની જગ્યા તથા 770 મીટર લંબાઈનો નગર આયોજન – T.P. રોડ ખૂલ્લો કરાયો છે.

જ્યારે અસરકર્તાઓમાંથી 75 જેટલા જરૂરિયાતમંદ વિસ્થાપિતોને લાંભા અને નારોલના આશ્રય ગૃહમાં ખસેડાયા હોવાનું મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર યતિન્દ્ર નાયકે જણાવ્યું.

**(BYTE: YATINDRA NAYAK, ASSISTANT MUNICIPAL COMMISSIONER, AMC)**

----------

## WEATHER FORECAST

રાજ્યમાં આગામી સાત દિવસ ઠંડીનું જોર યથાવત્ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું કે, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાયું છે. જ્યારે ગત 24 કલાકમાં 10 પૂર્ણાંક 2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે જુનાગઢનું કેશોદ સૌથી ઠંડું શહેર રહ્યું છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

----------

## EVE WPL CRICKET VADODARA

**મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ટી-20 ક્રિકેટમાં આજે દિલ્હી કૅપિટલ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટેડિયમમાં હમણાં સાડા સાત વાગ્યે આ 13-મી મૅચ શરૂ થશે.**

**હાલમાં મળતાં અહેવાલ મુજબ, જેમિમાહ રોડ્રીગ્ઝની આગેવાની હેઠળની દિલ્હી કૅપિટલ્સે ટૉસ જીતીને પહેલા બૉલિંગ નિર્ણય કર્યો છે.**

----------

## RAJKOT GANDHINAGAR AC BUS

ગુજરાત માર્ગ પરિવહન વિભાગ દ્વારા આજથી રાજકોટ-ગાંધીનગર વચ્ચે નવી AC બસ સેવા શરૂ કરવામાં આવી છે. રાજકોટથી ગાંધીનગર વચ્ચે પહેલી વાર શરૂ થયેલા આ AC બસ ચોટીલા ધોરીમાર્ગ, સાયલા, લીંબડી, બગોદરા, ઇસ્કોન, નેહરુનગર, રાણીપ થઈ ગાંધીનગર પહોંચશે.

રાજકોટથી દરરોજ સાંજે ચાર વાગ્યે બસ ઉપડશે અને રાત્રે નવ વાગ્યે ગાંધીનગર પહોંચશે. જ્યારે ગાંધીનગરથી રાજકોટ માટેની બસ દરરોજ સવારે સાડા સાત વાગ્યે ઉપડી બપોરે સાડા 12 વાગ્યે રાજકોટ પહોંચશે. આ માટે મુસાફરોએ 452 રૂપિયાનું ભાડું ચૂકવવું પડશે, તેમ S.T.ના વિભાગીય નિયમકશ્રીની યાદીમાં જણાવાયું છે.

----------

## Sinchai -Dang

ડાંગ જિલ્લાના વાહુટીયા ગામે નવનિર્મિત  વિયર પાણીથી છલોછલ થતા આસપાસના લોકોને સિંચાઈનો લાભ મળશે. ઉનાળામાં પાણીની અછતને પહોંચી વળવા જિલ્લામાં નદીઓ પર મોટા વિયર અને ચેકડેમ માળખા તૈયાર કરાયા છે.

૧.૪૦ મિટરની ઊંચાઈ ધરાવતા આ વિયરની જળસંગ્રહ શક્તિ થકી આસપાસના 42 થી વધુ હેક્ટર વિસ્તારના ખેડૂતોને પિયત અને બાગાયત ખેતીમાં સિંચાઈનો લાભ મળશે.

----------